સાધના સાપ્તાહિક 1st APRIL
પેજ નં. 29

સમાચાર

## બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા 'ઉષા પર્વ મહિલા શાસ્ત્રીય સંગીત સમારોહ'નું આયોજન થયું



આઝાદીના અમૃત મહોત્સવના સંદર્ભે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના "વુમન્સ ડેવલોપમેન્ટ સેલ" અને ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧/૦૩/૨૦૨૩ ના રોજ "ઉષા પર્વ- મહિલા શાસ્ત્રીય સંગીત સમારોહ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબેન ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને આયોજિત આ સમારોહમાં જાણીતા શાસ્ત્રીય સંગીતના સાધક અને સરોદ વાદક ડૉ. રુચા બેડેકરે વિવિધ શાસ્ત્રીય સંગીતના સૂર રેલાવીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમજ દ્વિતિય પ્રસ્તુતિમાં ડૉ. તેજલ પાઠક અને તેમના વૃંદ દ્વારા સંગીતના વિવિધ સૂર આલાપીને શ્રોતાઓને હિલોળે ચડાવ્યા હતા.

Done